# ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા એક શિખામણ

પુનઃ પ્રાપ્ત કરવું, પુનઃ નામકરણ કરવું, પુનઃ રચના કરવી...

વેદાંતમાં, એક સુપ્રસિદ્ધ વાર્તા છે, એક એવી મહિલાની જેને લાગે છે કે તેનો ગળાનો હાર ખોવાઈ ગયો છે જે શોધવા તે આકાશ પાતાળ એક કરી દે છે. તે ઘણા સમય સુધી પોતાના હારને શોધતી રહી — જ્યારે, હકીકતમાં તો એ હાર ક્યારેય ખોવાયો જ નહોતો! તે તો આખો સમય તેના ગળામાં જ હતો.

એ જ રીતે, પરમ આત્મા ક્યારેય ખોવાતો નથી; તેમ છતાં એક સાધક તેને પોતાની દુનિયાના દરેક ખૂણામાં શોધતો રહે છે, શોધતો રહે છે અને *શોધતો* જ રહે છે. એવું લાગે છે કે માયા અભેદ્ય છે. તે એક એવા મકાનમાં ફસાઈ જવા જેવું છે જે અત્યંત અંધકારમય છે, અને જેમાંથી બહાર નીકળવાનો કોઈ દરવાજો દેખાતો નથી — આ પીડા જેને તમે જ તમારા માટે પેદા કરી છે, પોતાને બંધાયેલા રાખવાનો જે કરાર તમે પોતાની સાથે કર્યો છે, તેનાથી છૂટકારો પામવાનો કોઈ રસ્તો જ નથી. વેદાંતમાં બીજી એક વાર્તા છે જે આ દુર્દશાને દર્શાવે છે. આ વાર્તા એક અંધ વ્યક્તિની છે, જે એક રૂમમાં ફસાઈ ગયો છે અને બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યો છે. પરંતુ જ્યારે પણ તે દરવાજાની પાસે આવે છે, તેને અચાનક ખંજવાળ આવવાથી તેનું ધ્યાન ભટકી જાય છે અને તે મુક્ત થવાની તક ગુમાવી દે છે.

સાધનામાં આવું જ થાય છે. જીવનમાં આવું જ થાય છે. લોકોના મનમાં જે છુપાયેલા સંદેહો હોય છે, જે વાર્તાઓ તેઓ ઘડે છે, સામાન્યતાની બેડીઓમાં બંધાયેલા રહેવા માટે જે બહાનાઓ તેઓ બનાવે છે, એ દૃઢ માન્યતા કે "હું આ નહીં કરી શકું," ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવાની ઇચ્છા — આ બધી જ તથાકથિત સીમિતતાઓ તેઓ પોતાના માટે સાચી કરી લે છે. તે પ્રગતિને રૂંધે છે. પ્રકાશ ચમકી શકે તેના માટે, કંઈક તો બદલવું જ પડશે.

પ્રકૃતિમાં, પુનરુદ્ધાર કરવાની, પુનઃ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. મનુષ્યોએ આ ગ્રહની ભૂમિ અને તેના જળ પર કબજો કરવા માટે ભલે જે પણ કર્યું છે, પરંતુ આ પૃથ્વીએ વારંવાર એ સાબિત કર્યું છે કે જે તેનું છે તેને તે પુનઃ પ્રાપ્ત કરી લેશે. પૃથ્વીની પાસે સ્મરણશક્તિ છે, ભલે તેના અભિલેખો ગમે તેટલા ધુંધળા કેમ ન હોય, ભલે તેનો ઇતિહાસ ગમે તેટલો પ્રાચીન કેમ ન હોય. એ જ રીતે, સાધકો માટે એ ઇચ્છા કરવી સ્વાભાવિક છે કે તેઓ પોતાની અંતર્જાત વિપુલતાને ફરી એકવાર પ્રાપ્ત કરી લે; તેઓ એ દૃઢ વિશ્વાસથી પ્રેરિત હોય છે કે તેમના અંતરમાં બ્રહ્મ છે અને આત્માનો પ્રકાશ તેમનો પોતાનો છે.

ઘણીવાર તમે કોઈ વસ્તુનું પુનઃ નામકરણ કરીને, તેને *એક નવું નામ* આપીને પુનઃ પ્રાપ્ત કરી શકો છો. આમ કરવાથી જે હંમેશથી તમારી પાસે જ હતું તેને તમે નવા ચક્ષુઓથી, નવા દૃષ્ટિકોણથી જોઈ શકો છો. મને યાદ છે જ્યારે સન ૧૯૭૮માં શ્રીગુરુદેવ આશ્રમને એક નવું નામ "ગુરુદેવ સિદ્ધપીઠ" આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં, અમને બધાંને ઘણા બધા પ્રશ્નો હતા; આશ્રમનું નામ શા માટે બદલવામાં આવ્યું એ વાત ગૂંચવણ ભરેલી હતી. પરંતુ જેટલું વધારે અમે સમજતાં ગયાં કે "ગુરુદેવ સિદ્ધપીઠ"નો વાસ્તવમાં અર્થ શું છે, તેટલું જ વધારે આ નામ સ્વયંમાં એક જાગૃતિ બનતું ગયું. અમને વધારે ઊંડી સમજ પ્રાપ્ત થઈ કે આ આશ્રમ શું છે,

અને આ પાવન ભૂમિ શું હતી અને શું છે. એ વાત પ્રત્યે અમારો પ્રશંસાભાવ વધવા લાગ્યો કે અમે જ્યાં રહેતાં હતાં તે સ્થાન શું છે. અમે એ વિચારીને વિસ્મિત હતાં કે આ એક સિદ્ધપીઠ છે, એક એવું સ્થાન જ્યાં અમારા શ્રીગુરુ, બાબા મુક્તાનંદની શક્તિ અને તેની સાથે *બધાં* સિદ્ધોની શક્તિ પણ સમાહિત છે.

જ્યારે કોઈ વસ્તુ વધારે પડતી પરિચિત થઈ જાય છે, ત્યારે તેના પ્રત્યે બેદરકાર થઈ જવું, તેના મૂલ્યની અવગણના કરવી સરળ છે. તેથી એ બહુ લાભકારી છે કે આપણી પાસે ભગવાનનાં અનેક નામ છે, જેની ઉત્પત્તિ અગણિત પરંપરાઓના મહાત્માઓને થયેલી દિવ્યતાની અનુભૂતિઓમાંથી થઈ છે. જુદાંજુદાં લોકો ભગવાનને જુદાંજુદાં નામોથી પોકારવા માગશે. એવું પણ બની શકે કે એક જ સાધક પોતાના જીવનની જુદીજુદી પરિસ્થિતિઓમાં ભગવાનના જુદાંજુદાં નામોનો પ્રયોગ કરવા માટે આકર્ષિત થાય.

પુનઃ નામકરણ કરવાની આ ક્રિયામાં સંલગ્ન થવું અત્યંત લાભદાયી થઈ શકે છે. તે તમને તમારા પોતાના સાર-તત્ત્વ તરફ પાછા ફરવામાં ઉત્સુક, જાગરૂક અને ઉદ્યમશીલ રાખે છે. જે તમારી પાસે હંમેશાંથી છે, એમાં તે તાજગી ભરી દે છે. જે ખજાનો તમે લાંબા સમયથી સાચવી રાખ્યો છે, તેનું મૂલ્ય તમારા માટે વધી જાય છે. તમારા અભિપ્રાયમાં તેની ઉપયોગિતા વધી જાય છે અને તેને ઉચ્ચ સન્માન આપવું હજી પણ વધારે સહેલું થઈ જાય છે.

હવે આ બધું કરીને અને આટલા બધા પ્રયત્નો કર્યા પછી, તમને તમારા પોતાના આત્મા વિશે જે નવી સમજ પ્રાપ્ત થઈ છે, તેને તમે શબ્દોમાં કેવી રીતે વ્યક્ત કરશો? તેની ઉત્તમ પવિત્રતાનો તમને જે અનુભવ થયો છે, તેનું વર્ણન તમે કેવી રીતે કરશો? આનો અર્થ એ નથી કે જે શબ્દો પહેલાંથી જ અસ્તિત્વમાં છે તેના અસાધારણ અર્થ નથી, અથવા તેના પ્રબળ સાંકેતિક અર્થ કે સંબંધિત અર્થ નથી. હા, તમારા માટે એક અતિસુંદર અને વિસ્તૃત શબ્દભંડોળ ઉપલબ્ધ છે. તેમ છતાં, જેને તમે લાંબા સમયથી જાણો છો, તેની સાથે તમે જે નવા સંબંધને વિકસિત કરી રહ્યા છો — એ જે હંમેશાંથી તમારી સમક્ષ જ છે, તેના પ્રત્યે હવે તમે જે વિશેષ આત્મીયતા અને ઘનિષ્ઠતા મહસૂસ કરી રહ્યા છો, તેનું વર્ણન કરવા સચોટ શબ્દો મળવા બિલકુલ અલગ વાત છે.

તમે કયા શબ્દોનો પ્રયોગ કરશો? તમારી કલમથી કઈ કલ્પના પ્રવાહિત થશે? તમે તમારા વર્ણનમાં વાસ્તવિકતા અને બારીકીને સચોટતાથી કેવી રીતે અભિવ્યક્ત કરશો? અને પછી, તમે જે શીખ્યા છો તેનું શું કરશો? જ્યારે તમે જોશો કે તમારી દિવ્યતા મંત્રમુગ્ધ કરી દે તેવી પ્રભાને પ્રસરિત કરી રહી છે, ત્યારે તમે કેવી રીતે તમારી અંદરના આલોચકને દૂર રાખશો અને નિર્ભીક રહેશો? આત્માના તમારા નવીનતમ અનુભવના મહિમાનું ગીત તમે કેવી રીતે ગાશો — અને કેવી રીતે ગાતા રહેશો?

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.